सत्यमेव जयते

| GJGS020005002019 | દાખલ તારીખ | ૧૫/૦૩/૨૦૧૯ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૧૫/૦૩/૨૦૧૯ | | |
| | નિર્ણય તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૭ | ૦૪ | ૨૬ |

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી એ. વી. ચૌધરી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**ફોજદારી કેસ નં. ૩૨૦/૨૦૧૯**
**આંક:-**

| | | |
|---|---|---|
| ફરિયાદી | :- | શ્રી સરકાર<br>**(પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ફ. ૧૪૫/૨૦૧૮)** |
| | | **-:: વિરૂધ્ધ ::-** |
| આરોપી | :- | **થાના રામ પોલા રામ ચૌધરી,**<br>ઉ. વ. ૪૯, ધંધો : ડ્રાઈવીંગ,<br>રહે. જાનીયા કી ઢાણી નીંબલકોટ ગુઢામલની,<br>તા. સીમાધરી, જી. બાડમેર, રાજસ્થાન. |
| તહોમત | :- | **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.** |
| ફરિયાદ પક્ષે | :- | વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમાર. |
| આરોપી તરફે | :- | વિ.વકીલશ્રી જે. બી. જોટવા. |

**-// ઠરાવ //-**

**<u>ફરિયાદની વિગત :–</u>**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૦૪/૧૨/૨૦૧૮ ના કલાક ૧૨:૦૦ વાગ્યાના કિંદરવા ગામના પાટીયા પાસે ને. હા. રોડ પર પોતાના હવાલાવાળું ટ્રેઈલર ગાડી રજી. નં. GJ-12-BW-9492 વાળો પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ ગોસ્વામી ભરતભારથી જગદીશભારથીની ટાટા સુમો ગાડી નં. GJ-24-V-9218 ગાડી રોડની સાઇડમાં ઉભેલ હોય જેના પાછળના ભાગે ટકકર મારી ફરિયાદીના ભાઈ જીવતભાઈ બેચરભાઈ પણ ગાડી પાછળ ઉભેલ હોય તેને માથાના ભાગે તેમજ જમણા હાથે તેમજ શરીર ઉપર નાની–મોટી ગંભીર ઈજા કરી, મોત નિપજાવી નાસી જઈ ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ :–</u>**

(૨) ઉપર મુજબની વિગતે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદ અન્વયે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફ. ૧૪૫/૨૦૧૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સુચિપત્ર તૈયાર કરી તેની તપાસ, તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગિક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીને આ કેસના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાય આવતા તપાસ કરનાર અમલદારશ્રી તરફથી તપાસના અંતે ક્રિ.પ્રો.કોડ–૧૯૭૩ ની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ કરી અને ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ગીર–સોમનાથ, મુ. વેરાવળ સમક્ષ રજૂ કરતાં જે

ચાર્જશીટ ફોજદારી કેસ નં.૩૨૦/૨૦૧૯ થી રજીસ્ટરે લઇ અત્રેની અદાલતમાં તબદીલ કરવામાં આવતા આરોપી વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહી અત્રેની અદાલતથી ચલાવવામાં આવેલ છે.

**<u>કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–</u>**

(૩) આ કામના આરોપી સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીને સમન્સ કરવામાં આવતા આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આંક–૦૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં તેમણે ગુનો કર્યાનો ઇન્કાર કરતા આરોપી વિરૂધ્ધ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા :–</u>**

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૪ | પંચ સાહેદ–રામસીભાઇ પુંજાભાઇની જુબાની |
| ૨. | ૦૬ | પંચ સાહેદ–ભરતભાઇ કાનાભાઇની જુબાની |
| ૩. | ૧૮ | ફરિયાદી–દાનાભાઇ બેચરભાઇ ઠાકોરની જુબાની |
| ૪. | ૨૫ | સાહેદ–હેમાભાઇ ગાંડાભાઇ વજાપરાની જુબાની |
| ૫. | ૨૬ | સાહેદ–સીતાબેન વા/ઓ હેમાભાઇ વજાપરાની જુબાની |
| ૬. | ૫૮ | સાહેદ–સંજયભારથી રમેશભારથી ગૌસ્વામીની જુબાની |
| ૭. | ૮૧ | સાહેદ–ભારતીબેન જીવતભાઇ સોલંકીની જુબાની |

| | | |
|---|---|---|
| ૮. | ૮૨ | સાહેદ–ત.ક.અ. હિંમતલાલ લગરદાસ કોરીયા ની જુબાની |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| **અ.નં.** | **આંક** | **દસ્તાવેજનું નામ** |
|---|---|---|
| ૧ | ૦૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું અસલ |
| ૨ | ૧૯ | અસલ ફરિયાદ |
| ૩ | ૨૭ | પી. એમ. નોટની ખરી નકલ |
| ૪ | ૮૩ | તપાસનો હુકમ અસલ |
| ૫ | ૮૪ | આર.ટી.ઓ. કચેરીને કરેલ યાદી |
| ૬ | ૮૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયાનું મૌખિક જાહેર કરેલ છે.

(૫) ઉપર મુજબના લેખિત તથા મૌખિક પુરાવા રજૂ થયા બાદ આરોપી તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી બાબતો અંગે ખુલાસો કરી શકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યક હોય અને આરોપીને તેમના બચાવનો પુરાવો રજૂ કરતાં પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોય તેથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ તેમની પ્લી લગત નોંધેલ છે જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે અને તેઓ પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું અને પોતે બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવી અને વિશેષમાં જણાવેલ છે કે,'' આ કામે અમો આરોપી દ્વારા આવો કહેવાતો કોઈ અકસ્માત કરેલ જ નથી. અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ. અમો આરોપીને નિર્દોષ છોડવા હુકમ કરવા નમ્ર અરજ.''

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી જે. બી. જોટવાની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૪/૧૨/૨૦૧૮ ના કલાક ૧૨:૦૦ વાગ્યાના કિંદરવા ગામના પાટીયા પાસે ને. હા. રોડ પર પોતાના હવાલાવાળું ટ્રેઈલર ગાડી રજી. નં. GJ-12-BW-9492 વાળો પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ ગોસ્વામી ભરતભારથી જગદીશભારથીની ટાટા સુમો ગાડી નં. GJ-24-V-9218 ગાડી રોડની સાઈડમાં ઉભેલ હોય જેના પાછળના ભાગે ટકકર મારી ફરિયાદીના ભાઈ જીવતભાઈ બેચરભાઈ પણ ગાડી પાછળ ઉભેલ હોય તેને માથાના ભાગે તેમજ જમણા હાથે તેમજ શરીર ઉપર નાની–મોટી ગંભીર ઈજા કરી, મોત નિપજાવી નાસી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) “ નકારમાં ”

(૨) આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :-</u>**

**(૯)** ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધ નો ગુન્હો જયાંસુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**<u>મુદ્દા નં. ૧ ના નિર્ણય માટેના કારણો :-</u>**

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઇઓ લક્ષમાં રાખી આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુન્હો ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો નોંધી તેનું તબકકાવાર મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો :-</u>**

**(૧૧)** આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી-દાનાભાઇ બેચરભાઇ ઠાકોરને આંક-૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરિયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બાદલપુર, તા. રાધનપુર રહે છે અને ખેતીકામ કરે છે. તેઓ ખેતીકામ કરે છે. હાલનો બનાવ આશરે દોઢ-બે વર્ષ અગાઉ બનેલો. ત્યારે તેઓ

તથા તેઓના ભાઈ જીવતભાઈ બેચરભાઈ તથા તેની પત્ની ભારતીબેન તથા તેના બાળકો તથા તેઓના ગામના હેમાભાઈ ગાંડાભાઈ, તેની પત્ની વિગેરે ટાટા સુમો ગાડી લઈ સોમનાથ દર્શન કરવા માટે જતા હતા. જે ટાટા સુમોના નંબર હાલ તેઓને યાદ નથી. સોમનાથ રોડ ઉપર આવતા બપોરે બાર વાગ્યાના સમયે સોમનાથ રોડ ઉપર આવતા પેશાબ–પાણી કરવા માટે ગાડી સાઈડમાં ઉભી રાખી બધા ગાડી નીચે ઉતરેલા હતા.તે સમયે ગાડીના પાછળના ભાગે એક ટ્રક આવી અથડાયેલ. આ ટ્રકના નંબર હાલ તેઓને યાદ નથી. આ અકસ્માતમાં ગાડી પાસે ઉભેલા તેઓના ભાઈ જીવતભાઈ બેચરભાઈ અને ટાટા સુમોને ટ્રકથી ધકકો લાગતા ટાટા સુમો પણ આગળ ખસી ગયેલી અને નુકશાની થયેલી અને તેઓના ભાઈ પણ ફેંગોળાઈ ગયેલા. જેમાં તેઓના ભાઈને પડખામાં, હાથમાં અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને માથામાં કાચ ઘુસી ગયેલા અને તેમને એટલી ગંભીર ઈજા હતી કે તે સ્થળ ઉપર જ મરણ ગયેલ. આ સિવાય બીજા કોઈ ને ઈજા થયેલ નથી અને ત્યારબાદ તેમને ત્યાંથી એમ્બ્યુલન્સમાં ખાનગી દવાખાને વેરાવળ લઈ આવેલા. જયાં ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કરતા તેમની લાશ તેઓ રાધનપુર લઈ ગયેલા ત્યાં સરકારી દવાખાનામાં તેમનું પી. એમ. કરાવેલ. ત્યારબાદ તેમના અંતિમ સંસ્કાર કરેલ. આ અકસ્માત કરનાર વાહન ટ્રક ઝડપથી આવતો હતો. આ ટ્રક ચાલક અકસ્માત કરી સ્થળ ઉપર થી નાસી ગયેલ. ટ્રક ચાલકને તેઓએ જે તે સમયે ભાગતા જોયેલ. જો ટ્રક ચાલક કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે નહીં. તેઓએ અકસ્માત કરનાર ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ આપેલી. તેઓને નામદાર કોર્ટ રેકર્ડમાંથી અસલ ફરિયાદ બતાવવામાં આવતા જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવેલ છે અને જે આંક–૧૯ થી રજૂ કરેલ છે.

સદર ફરિયાદીએ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ટ્રકના નંબરની તેઓને ખબર નથી. એ વાત ખરી છે કે, ટ્રકના ડ્રાઈવર કોણ હતા તેની તેઓને ખબર નથી. તેઓનો ટાટા સુમો તેઓના ભાઈ જીવતભાઈ ચલાવતા હતા. એ વાત ખરી છે કે, પોલીસે ફકત તેઓનું નામ–સરનામુ–મોબાઈલ નંબર પુછેલા તે સિવાય બીજુ કંઈ પુછેલ નહીં અને પછી તેઓની સહી કરાવેલી. એ વાત ખરી છે કે, જે રોડ ઉપર અકસ્માત બનેલો તે રોડ નેશનલ હાઈવે રોડ છે. એ વાત ખરી છે કે, ત્યાં વાહનો અને માણસોની સતત અવર જવર ચાલુ હતી. તેઓના ભાઇના અવસાન બાબતે કલેઇમ કેસ પાટણ દાખલ કરેલો છે.

**<u>પંચ સાહેદનો પુરાવો :–</u>**

**(૧૨)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ–રામસીભાઇ પુંજાભાઇ ને આંક–૦૪ થી તથા પંચ સાહેદ–ભરતભાઇ કાનાભાઇને આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.જે બનાવવાળી જગ્યા ના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૦૫ થી રજૂ થયેલ સંબંધિત પંચનામામાં પંચ તરીકે સહી ઓળખાવ્યાથી વિશેષ કોઇ પુરાવો આપેલ નથી. આમ,સદર પંચ સાહેદે બનાવવાળી જગ્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી સદર પંચ સાહેદોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી એ તેઓની ઉલટ તપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ આવી ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઇ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી કે જે સંબંધિત પંચનામાને સમર્થન કરે. જેથી ફરિયાદ પક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોની જુબાની થી આંક–૦૫ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૧૩) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–હેમાભાઇ ગાંડાભાઇ વજાપરાને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સીનાડ, તા. રાધનપર રહે છે અને મજુરી કરે છે. હાલનો બનાવ આશરે બે–અઢી વર્ષે અગાઉ બનેલો. ત્યારે તેઓ તથા તેઓના મિત્ર જીવતભાઈ બેચરભાઈ તથા તેની પત્ની ભારતીબેન તથા તેના બાળકો તથા તેઓ, તેઓના પત્ની વિગેરે ટાટા સુમો ગાડી લઈ સોમનાથ દર્શન કરવા માટે જતા હતા. જે ટાટા સુમોના નંબર હાલ તેઓને યાદ નથી. સોમનાથ રોડ ઉપર આવતા બપોરે બાર વાગ્યાની આસપાસ સોમનાથ રોડ ઉપર આવતા પેશાબ–પાણી કરવા માટે ગાડી સાઈડમાં ઉભી રાખી બધા ગાડી નીચે ઉતરેલા હતા. તે સમયે ગાડીના પાછળના ભાગે એક ટ્રક આવી અથડાયેલ. આ ટ્રકના નંબર હાલ તેઓને યાદ નથી.આ અકસ્માત માં ગાડી પાસે ઉભેલા તેઓના મિત્ર જીવતભાઈ બેચરભાઈ અને ટાટા સુમોને ટ્રકથી ધકકો લાગતા ટાટા સુમો પણ આગળ ખસી ગયેલી અને નુકશાની થયેલી અને તેઓના મિત્ર પણ ફંગોળાઈ ગયેલા. જેમાં તેઓના મિત્ર જીવતભાઈને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને માથામાં કાચ ઘુસી ગયેલા અને તેમને એટલી ગંભીર ઈજા હતી કે તે સ્થળ ઉપર જ મરણ ગયેલ. આ સિવાય બીજા કોઈને ઈજા થયેલ નથી અને ત્યારબાદ તેમને ત્યાંથી એમ્બ્યુલન્સમાં ખાનગી દવાખાને વેરાવળ લઈ આવેલા. ત્યારબાદ તેમના પરિવારે તેમની અંતિમવિધિ કરેલી. આ અકસ્માત કરનાર વાહન ટ્રક કેવી ગતિમાં આવતો હતો તેની તેઓને ખબર નથી. આ ટ્રક ચાલક અકસ્માત કરી સ્થળ ઉપરથી નાસી ગયેલ. ટ્રક ચાલક ને તેઓએ જોયેલ નથી. ટ્રકના નંબર તેઓએ જે તે સમયે જોયેલા પણ હાલ યાદ નથી.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ ઠામ પુછેલ તે સિવાય બનાવ બાબતે તેઓને કંઇ પુછેલું નહિં.

(૧૪) વધુમાં,આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–સીતાબેન વા/ઓ હેમાભાઇ વજાપરાને આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેણી સીનાડ, તા. રાધનપુર રહે છે અને ઘરકામ કર છે. હાલનો બનાવ આશરે બે–અઢી વર્ષ અગાઉ બનેલો. ત્યારે તેણી તથા તેણીના પતિ તેઓના ગામના જીવતભાઈ બેચરભાઈ તથા તેની પત્ની ભારતીબેન તથા તેના બાળકો વિગેરે ટાટા સુમો ગાડી લઈ સોમનાથ દર્શન કરવા માટે જતા હતા. જે ટાટા સુમોના નંબર હાલ તેણીને યાદ નથી. સોમનાથ રોડ ઉપર આવતા બપોરે બાર વાગ્યા ની આસપાસ સોમનાથ રોડ ઉપર આવતા પેશાબ–પાણી કરવા માટે ગાડી સાઈડમાં ઉભી રાખી બધા ગાડી નીચે ઉતરેલા હતા. તે સમયે ગાડીના પાછળના ભાગે એક ટ્રક આવી અથડાયેલ. આ ટ્રકના નંબર હાલ તેણીને યાદ નથી. આ અકસ્માતમાં ગાડી પાસે ઉભેલા તેઓના ગામના જીવતભાઈ બેચરભાઈ અને ટાટા સુમોને ટ્રકથી ધકકો લાગતા ટાટા સુમો પણ આગળ ખસી ગયેલી અને નુકશાની થયેલી અને આ જીવતભાઈ પણ ફંગોળાઈ ગયેલા. જેમાં જીવતભાઈને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલી અને માથામાં કાચ ઘુસી ગયેલા અને તેમને એટલી ગંભીર ઈજા હતી કે તે સ્થળ ઉપર જ મરણ ગયેલ. આ સિવાય બીજા કોઈને ઈજા થયેલ નથી અને ત્યારબાદ તેમને ત્યાંથી એમ્બ્યુલન્સમાં ખાનગી દવાખાને વેરાવળ લઈ આવેલા. ત્યારબાદ તેમના પરિવારે તેમની અંતિમવિધિ કરેલી. આ અકસ્માત કરનાર વાહન ટ્રક કેવી ગતિમાં આવતો હતો તેની તેણીને ખબર નથી. આ ટ્રક ચાલક અકસ્માત કરી સ્થળ ઉપરથી નાસી ગયેલ. ટ્રક ચાલકને તેણીએ જોયેલો

નથી. ટ્રકના નંબર તેણીએ જે તે સમયે જોયેલા પણ હાલ યાદ નથી.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફક્ત તેણીનું નામ–ઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે તેણીને કંઈ પૂછેલ નહિં.

**(૧૫)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–સંજયભારથી રમેશભારથી ગૌસ્વામીને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૯માં બનેલો. બનાવ સવારના દસ સાડાદસ વાગ્યાની આસપાસ વેરાવળ–સોમનાથ રોડ ઉપર ગોલાઈ પાસે બનેલો. બનાવ વખતે તેઓ ટાટા સુમો ગોલ્ડ ગાડીમાં બેસેલા હતા. તે વખતે તેઓની સાથે તેઓના કાકા, મરણ ગયેલ જીવતભાઈ તથા તેમના પત્ની ભારતીબેન તથા તેમના કુટુંબના અન્ય સભ્યો કે જેમના નામ તેઓને હાલ નથી તે સિવાય પ્રજાપતિ હેમાભાઈ અને તેમના પત્ની સીતાબેન હતા. બનાવ વખતે તેઓ સુમો ગાડીમાં આશરે દશેક જણા હતાં. બનાવ સમયે તેઓ રાધનપુરથી સોમનાથ મંદિરે દર્શન કરવા માટે જતા હતા. બનાવ વખતે સુમો વાડી જીવતભાઇ ચલાવતા હતા. આ સુમો ગાડીના નંબર ૯૨૧૮ હતાં. બનાવ સમયે જીવતભાઈએ ગાડી બાજુમાં ઉભી રાખેલી અને જીવતભાઈના છોકરાને પેશાબ પાણી કરવા માટે જવાનું હોય, જેથી જીવતભાઈ તેમના છોકરાને લઈને ગાડી માંથી નીચે ઉતરેલા અને તેમનો છોકરો પેશાબ કરતો હતો તે વખતે જીવતભાઈ ત્યાં ઉભા હતા ત્યારે પાછળથી એક મોટી ગાડી આવેલી અને પાછળથી તેઓની ગાડીને ઠોકર મારેલી અને તે વખતે જીવતભાઈ તેઓની ગાડીની પાછળ ઉભેલ હોય, જેથી જીવતભાઈને પેટના ભાગે ગંભીર ઈજા થતા આંતરડા બહાર

નીકળી ગયેલ હતા. ત્યારબાદ સ્થાનિક લોકોએ ૧૦૮ ને ફોન કરતાં સારવાર માટે જીવતભાઈને સરકારી હોસ્પિટલ, વેરાવળ મુકામે લઈ ગયેલા અને બધા પાછળથી સરકારી હોસ્પિટલે ગયેલા. ત્યારબાદ સરકારી હોસ્પિટલ, વેરાવળ ખાતે જીવતભાઈનું પી. એમ. કરવામાં આવેલ અને ત્યારબાદ જીવતભાઈને રાધનપુર મુકામે લઈ ગયેલા. બનાવ સમયે અકસ્માત કરનાર ટ્રકના રજીસ્ટ્રેશન નંબર હાલ તેઓને યાદ નથી. બનાવ સમયે તેઓએ ટ્રકના રજીસ્ટેશન નંબર જોયેલા હતા. અકસ્માત કરનાર ટ્રકના ચાલક બનાવવાળી જગ્યાએથી નાસી જતાં તેઓએ તેને જોયેલ નહીં. અકસ્માત કરનાર ટ્રક કેટલી સ્પીડે આવતો હતો તેની તેઓને ખબર નથી. અકસ્માતનો બનાવ ટ્રક ચાલકની બેદરકારીને કારણે બનેલો હતો. ટ્રક ચાલકની વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થતાં પોલીસે તેઓનું નિવેદન નોંધેલું. આરોપીને જોયેથી ઓળખી શકે નહીં. સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરિયાદ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર ગાડીના નંબર જી.જે. ૧૨ બી.ડબલ્યુ. ૯૪૯૨ હતાં. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર ગાડીના ચાલક પુરઝડપે આવેલા અને જીવતભાઈને ઠોકર મારેલી હતી.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, જેથી બનાવ કઈ રીતે બનેલો તે તેઓ કહી શકે નહીં.

(૧૬) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–ભારતીબેન જીવતભાઇ સોલંકીને આંક–૮૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

બનાવ આશરે આઠેક વર્ષ પહેલા બનેલ હતો. બનાવ સમયે તેણી તથા કુલ મળીને ૧૩ જણા હતા. રાધનપુરથી સોમનાથ દર્શન માટે એક બોલેરો ગાડીમાં આવતા હતા. તે ગાડીમાં તેણી સાથે ભરતભાઈ પ્રજાપતિ, તેણીના જેઠ દાનાભાઈ, તેણીના જેઠની દીકરી ગીતાબેન, બાજુના ગામના હેમાભાઈ પ્રજાપતિ, તેણીના પતિ જીવતભાઇ હતા. બીજા માણસોના નામ હાલ તેણીને યાદ નથી. સોમનાથ દર્શન કરતા પહેલા રસ્તામાં રોડ ઉપર સવારના આશરે અગિયાર વાગ્યાનો સમય હશે ત્યારે તેઓની ગાડી રોડની બાજુમાં બાળકોને ફ્રેશ થવા માટે ઉભેલ હતી. તે સમયે અડધા લોકો ગાડીમાંથી ઉતરી ગયા હતા અને નાના છોકરાઓ ગાડીની અંદર હતા. તેણીના પતિ ડ્રાઇવર સાઇડ ગાડીની બાજુમાં ઉભા હતા અને તેણી પણ ગાડીની બાજુમાં જ ઉભી હતી ત્યારે પાછળ થી એક ગાડી આવતી હતી અને તે ગાડી તેઓની ગાડીને ટકકર મારીને તે અકસ્માત કરનાર ગાડી ત્યાંથી જતી રહી હતી. આ અકસ્માતમાં તેણીના પતિને ગાડીએ ટકકર મારતા તેણીના પતિ નો એક હાથ શરીરથી છુટો પડી ગયો હતો અને માથાના ભાગે ઈજા પહોંચેલ હતી અને તેણીના પતિ સ્થળ ઉપર જ અવસાન પામેલા હતા. ત્યારબાદ અકસ્માત કરનાર ગાડી ચાલક ગાડી મુકીને નાસી ગયા હતા. તેણીના પતિને હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ તેણીના પતિ ત્યાં જ ગુજરી ગયા હતા. બનાવની ફરિયાદ તેણીના જેઠે આપેલી. પોલીસે તેણીની પુછપરછ કરેલી. અકસ્માત કરનાર વાહનના નંબર તેણીને ખબર નથી. અકસ્માત કરનાર વાહનના ચાલકને તેણી જોયેથી ઓળખી શકે નહીં. આ સિવાય બીજું કાંઈ જાણતી નથી.

સદર સાહેદની ઉલટ તપાસનો કરવાનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો :–</u>**

(૧૭) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–હિંમતલાલ લગરદાસ કોરીયાને આંક–૮૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આ કામના તપાસ કરનાર અમલદાર છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત સને ૨૦૧૮માં તેઓ પ્રભાસ પાટણ પો.સ્ટે.માં પો.હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા. ૦૭/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ પો. સ્ટે.માં હાજર હતા તે દરમ્યાન રાધનપુર પોલીસ સ્ટેશેનથી મુદામથી સદરહુ કાગળો આવતા આ કામે થાણાના પીએસઓ એચ. આઈ. સુમરાએ ગુના રજી. કરી આ કામની તપાસ હુકમ સાથે તેઓના તરફ કરતા આ કામે ફરિયાદીની ફરિયાદ તથા સાધનિક કાગળો વંચાણે લેતા જે ગુના નંબર નં. ૧૪૫/૧૮ આઈપીસી ૨૭૯,૩૦૪(અ), એમવીએ એકટ ૧૭૭,૧૮૪,૧૩૪ ની તપાસ તેઓને સોંપતા સદર ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. તપાસનો હુકમ આંક–૮૩ થી રજૂ કરેલ છે. બાદ આ કામે પો. સ્ટે.માંથી પોલીસ અધિક્ષક સાહેબ ગીર–સોમનાથના ઓને વાહનની યાંત્રીક તપાસણી કરવા માટે આરટીઓને તજવીજ કરવા માટેની બનાવની તપાસણી કરવા માટેની યાદી કરેલ જે આંક–૮૪ થી રજૂ કરેલ છે.બાદ આ કામે એફ.એસ.એલ અધિકારી પુરાણી સાહેબ આવતા સ્થળ ઉપર જઈ બનાવવાળી જગ્યાનું તે સાહેબની સુચના મુજબ પંચનામું કરેલ અને સ્થળ ઉપરથી તે સાહેબના ફરમાન મુજબ એફએસએલ તપાસણી અર્થે નમુના લીધેલ અને તે નમુના એફએસએલમાં મોકલવા માટે પો.સ્ટે.માં આવી મુદ્દામાલ પાવતી નં. ૧૨૭/૨૦૧૮ થી ફાડી તપાસના કામે કાગળોમાં સામેલ રાખેલ. જે આંક–૮૫ થી રજૂ કરેલ છે. આ કામે તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધમાં અટક કરવા માટેના પુરતા પુરાવા હોય આરોપીની અટક કરી ચહેરા નિશાન પત્રક ભરી એૅરેસ્ટ લીસ્ટમાં સામેલ કરેલ. બાદ આ કામના આરોપીને નામદાર

કોર્ટમાં રજૂ કરતા નામદાર કોર્ટે આરોપીને જામીન મુકત કરેલા. બાદ આ કામે ઈજા પામનાર તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા,આ અકસ્માતમાં કીંદરવા ગામના પાસે જૂનાગઢ –વેરાવળ હાઈવે રોડ ઉપર ટાટ વાહન જેના રજી. નં. જી.જે.૨૪ વી. ૯૨૧૮ રોડની સાઈડમાં ઉભેલ હતી અને આ જીવતભાઈ બેચરભાઈ આ ટાટા સુમોની પાછળના ભાગે ઉભેલ હતા આ ટાટા સુમો તેમણે બાળકોને ફ્રેશ થવા માટે ઉભેલ રાખેલ હતી. તે સમયે જૂનાગઢ બાજુથી પુરપાટ ઝડપે પાછળથી એક ટેલર જેના રજી. નં. જીજે ૧૨ બીડબલ્યુ ૯૪૯૨ ટાટા સુમોને અડકેટે લેતા જીવતભાઈ બેચરભાઈ સ્થળ પર જ આ અકસ્માતથી સ્થળ પર જ મૃત્યુ પામેલ હતા. તે ટાટા સુમોમાં ૧૨ જણા સોમનાથ દર્શન માટે આવતા હતા અને જીવતભાઈ સાથેના અન્ય વ્યકિતઓ ટાટા સુમોથી દૂર ફ્રેશ થવા માટે ઉભા હતા. ત્યારબાદ મરણ જનારને સિવિલ હોસ્પિટલ માં લાવવામાં આવેલા તે તેઓની તપાસ દરમ્યાન ખુલેલ છે. આ કામે એફએસએલ અધિકારી જૂનાગઢને ઓનલાઈન બનાવવાળા સ્થળ પરથી લીધેલ મુદ્દામાલનો પૃથ્થકરણ કરવા માટે રીપોર્ટ કરવામાં આવેલ અને મુદ્દામાલ મોકલવા તજવીજ કરેલ. મુદ્દામાલ સંભાળ્યા અંગેની પહોંચ તપાસના કામે સામેલ રાખી. બાદ આ કામના આરોપીની વિરૂધ્ધમાં ચાર્જશીટ કરવા માટેનો પુરતો પુરાવો હોય જેથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ. આરોપી ને જોયેથી ઓળખી શકે.

સદર સાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,પીએસઓએ તપાસ સોપણીના હુકમ પહેલા બનાવની તેઓને કોઈ જાત માહિતી ન હતી. એ વાત ખરી છે કે, ફરિયાદ નામ જોગ આપવામાં આવેલ નથી અને ટ્રેલર ના ચાલકનો ફરિયાદમાં ઉલ્લેખ નથી.સાક્ષીઓના નિવેદન પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલા.

**<u>સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :-</u>**

(૧૮) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે આંક-૧૮ થી ફરિયાદી-દાનાભાઇ બેચરભાઇ ઠાકોર પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં અકસ્માતનો બનાવ બનેલ અને તેમાં તેઓના ભાઇ જીવતભાઇ બેચરભાઇને ઇજા થયેલી અને સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે અને અકસ્માત કરનાર વાહન ટ્રક ઝડપતી આવતો હતો. આ ટ્રક ચાલક અકસ્માત કરી સ્થળ ઉપરથી નાસી ગયેલ અને તેને જે તે સમયે ભાગતો જોયેલ. જો ટ્રક ચાલક કોર્ટમાં હાજર હોય તો તેઓ ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે અને આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ટ્રકના નંબરની તેઓને ખબર નથી, ટ્રકના ડ્રાઇવર કોણ હતા તેની તેઓને ખબર નથી. આ ઉપરાંત આ કામે આંક-૨૫ થી સાહેદ-હેમાભાઇ ગાંડાભાઇ વજાપરા તથા આંક-૨૬ થી સાહેદ-સીતાબેન વા/ઓ હેમાભાઇ વજાપરા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં અકસ્માતનો બનાવ બનેલ હોવાનું અને તેમાં તેઓના મિત્ર જીવતભાઇને ગંભીર ઇજા થયેલી અને તે સ્થળ ઉપર જ મરણ ગયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં અકસ્માત કરનાર વાહન ટ્રક કેવી ગતિમાં આવતો હતો તેની તેઓને ખબર નથી. ટ્રકના નંબર તેઓએ જે તે સમયે જોયેલા પણ હાલ યાદ નથી. આમ, ફરિયાદી તથા ઉપરોકત બંને સાહેદનો પુરાવો જોવામાં આવેતો તેઓ કહેવાતા અકસ્માતના બનાવ સ્થળે અને સમયે હાજર હતા, પરંતુ સદર ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી આરોપીની હાલના અકસ્માતના ગુન્હમાં સંડોવણી હોય તે બાબતનો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૧૯) વધુમાં, આ કામે આંક-૫૮ થી સાહેદ-સંજયભારતી રમેશભારતી ગોસ્વામી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ તરફે ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં પુછવામાં આવેલ સુચક

પ્રશ્નોના જવાબો હકારમાં આપેલા છે, પરંતુ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, જેથી બનાવ કઇ રીતે બનેલો તે તેઓ કહી શકે નહીં. તે જ રીતે આ કામે આંક–૮૧ થી સાહેદ–ભારતીબેન જીવતભાઇ સોલંકી કે જેઓ આ કામે મરણ જનાર જીવતભાઇના પત્ની થાય છે અને તેણી બનાવ સમયે મરણ જનાર જીવતભાઈ સાથે અકસ્માતવાળા સ્થળે હાજર હતા તે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં અકસ્માતનો બનેલ બનેલ હોવાનું અને તેમાં તેણીના પતિને ઈજા થયેલ હોવાનું અને તેણીના પતિ સ્થળ ઉપર જ અવસાન પામેલા હોવાનું જણાવેલ છે. તેમજ અકસ્માત કરનાર વાહનના નંબર તેણીને ખબર નથી. અકસ્માત કરનાર વાહનના ચાલકને તેણી જોયેથી ઓળખી શકે નહીં. આમ, સદર બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, સદર બંને સાહેદો અકસ્માત સમયે અને સ્થળે હાજર હતા, પરંતુ સદર સાહેદોના પુરાવાથી હાલના આરોપીની આ ગુન્હાના કામે કોઈ સંડોવણી હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૨૦) વધુમાં, આ કામે આંક–૮૨ થી સાહેદ–હિમતલાલ લગરદાસ કોરીયા કે જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પોતે હાલના ગુન્હાના કામે તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરેલ છે. આમ, સદર સાહેદ પોતાની સરતપાસમાં ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ આ કામના ફરિયાદી તથા અન્ય સાહેદો કે જેઓ અકસ્માતવાળા બનાવ સમયે અને સ્થળે ઉપર હાજર હતા અને આ કામે મરણ જનાર જીવતભાઈના સગા–સંબંધી થાય છે તેઓના પુરાવાથી આ કામના આરોપીની હાલના ગુન્હાના કામે કોઈ સંડોવણી હોય તેવી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય

નહીં. વધુમાં, આ કામે પંચ સાહેદો ફરી ગયેલા હોય પંચનામાની હકીકત પણ પુરવાર થયેલ નથી.

(૨૧) આમ,ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી તથા સાહેદો ના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ અને તે અકસ્માતના બનાવમાં જીવતભાઈ બેચરભાઈનું મૃત્યુ થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે,પરંતુ સદર અકસ્માતનો બનાવ હાલના આરોપી એ પોતાના હવાલાવાળું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવીને કરેલ હોય અને તેમાં જીવતભાઈ બેચરભાઈનું મૃત્યુ થયેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. તે સંજોગો માં આ કામના આરોપીએ પોતાના હવાલાવાળું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવીને અકસ્માત કરી કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું ન હોય અને એ રીતે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું.

(૨૨) આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગો માં મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવી આરોપીને નિર્દોષ

ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી થાના રામ પોલા રામ ચૌધરી, રહે. જાનીયા કી ઢાણી નીંબલકોટ ગુઢામલની, તા. સીમાધરી, જી. બાડમેર, રાજસ્થાનવાળાઓને ક્રિ. પ્રો.કોડની કલમ–૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા. ૫૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૧૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૧૦/૦૮/૨૦૨૬

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૨૫૦)**